એન.પી.સી.બી.&વી.આઈ./11-13/૨૦૧૯-૨૦
સિવીલ હોસ્પિટલ, સોલા અમદાવાદ
તારીખ : ૦૫/૦૪/૨૦૧૯

પ્રતિ,
શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ
મણિનગર
અમદાવાદ

વિષય:- બેઈઝ હોસ્પિટલ તરીકે માન્યતા આપવા બાબત.
સંદર્ભ:- શિવમ ચેરીટેબલ ટ્રસ્ટ ની અરજી તારીખ;- ૨૧/૦૨/૨૦૧૯

ઉપરોક્ત વિષય અન્વયે રાષ્ટ્રીય અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ભારત સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ એન.ટી.બી.સી.પી ધ્વારા માન્ય એવી સ્વૈચ્છિક સંસ્થાઓને બેઈઝ હોસ્પિટલ તરીકે માન્યતા આપી ભારત સરકાર શ્રી ની યોજના પ્રમાણે મળતી સહાય આપવાની થાય છે.

ઉક્ત સંસ્થામાં મોતિયાના ઓપરેશન,કીકી પ્રત્યારોપણના, પડદાના ઓપરેશન, ઝામર, ત્રાસી આંખ, ડાયાબીટીસ રેટીનોપેથી અને બાળકોના જન્મજાત રોગોના નિદાન તથા સારવાર વિના મુલ્યે કરવામા આવે તેમાં નીચેની શરતોની આધિન રહીને મોતીયાના ઓપરેશન દીઠ અને અધર ડિસીઝ માટે નિયમ અનુસાર ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે.

૧.સંસ્થામાં આવતા દર્દીઓની ચકાસણી કરી જરૂર જણાય તો આંખના વિવિધ રોગોની સારવાર તદ્દન મફત કરવાની રહેશે.

૨.ઓપરેશન પછી જરૂર જણાય તો અંદરના દર્દી તરીકે રાખી સારવાર તથા જમવાની સગવડ વિના મુલ્યે આપવાની રહેશે.

૩.ઓપરેશન પછી કાળા ચશ્મા તથા નંબર વાળા ચશ્મા તદ્દન મફત આપવાના રહેશે.

૪.ગાઈડ લાઈન મુજબ સમય મર્યાદામા ૩ મહિનાની અંદર નિયત નમુનામા કલેઈમ રજુ કરવાના રહેશે.

૫.ગાઈડ લાઈન મુજબ તમામ આઈ ડિસીઝ વાઈઝ રજીસ્ટરો નિભાવવાના રહેશે.

૬.એન.ટી.બી.સી.પી સિવીલ હોસ્પિટલ, સોલા ખાતે દર મહિને લેખીતમાં રીપોર્ટ આપવાનો રહેશે.

૭.ઓન લાઈન એન્ટ્રી સમય મર્યાદામાં કરવાની રહેશે એન્ટ્રી થયા બાદ ક્લેઈમ ચુકવવાના રહેશે.

૮.દર્દી ન સારવાર કરવા માટે લેબોરેટરી રીપોર્ટસ પણ વિના મુલ્યે કરવાના રહેશે.

ઉપર મુજબ ની તામામ સેવાઓ નિ:શુલ્ક (મફત સેવા) બજાવવાની રહેશે. અને તોજ યોજના પ્રમાણેના લાભ મળવા પાત્ર થશે. મોતિયાના ઓપરેશન અને અધર ડિસીઝ ને નિયમ અનુસાર ગ્રાન્ટ એન.ટી.બી.સી.પી ખાતેથી મળવા પાત્ર રહેશે. જે અંગે ની વિગતવાર માહિતી, ખર્ચ અને યોગ્ય રેકોર્ડની નિભાવણી કરવાની રહેશે.આ અંગે સંસ્થાએ પણ સ્કીનીંગ કેમ્પોની માહીતી, ઓપરેશન કરેલ કેસોની માહિતી , ચશ્માની વિગતવાર માહિતી રાખવાની રહેશે.

પ્રોગ્રામ ઓફિસરશ્રી અમદાવાદ ધ્વારા કોઇ પણ માહિતી માગવામાં આવે ત્યારે સમયસર આપવાની રહેશે. તેમજ પ્રોગ્રામ ઓફિસરશ્રી અમદાવાદ સંસ્થાની મુલાકાત લેવા આવે ત્યારે સંપુર્ણ સહયોગ આપવાનો રહેશે.

P. V. Soni
3/5/19

**પ્રોગ્રામ ઓફિસર**
**એન.પી.સી.બી.&વી.આઈ**
**જનરલ હોસ્પિટલ, સોલા**
**અમદાવાદ**

નકલ રવાના

૧. સંયુક્ત નિયામક શ્રી ઓપ્થલ્મીક ગાંધીનગર

૨. ચેરમેન અને મુ.જી.ત.અ.શ્રી સહ સિવીલ સર્જન, સિવીલ હોસ્પિટલ સોલા

૩. વિભાગીય નાયબ નિયામક શ્રી અમદાવાદ